# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 15.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

**************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાત લેશે

2) બિહારના નાયબ મુખ્યમંત્રી અને ભાજપ નેતા સમ્રાટ ચૌધરી આજે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે

3) ઑસ્ટ્રિયાના ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર ચાર દિવસની સત્તાવાર મુલાકાતે ભારત પહોંચ્યા

4) અમરનાથ યાત્રા માટે એડવાન્સ રજીસ્ટ્રેશનનો આજથી નિયુક્ત બેંક શાખાઓમાં આરંભ

5) છત્તીસગઢના સિંઘંતેરાઈમાં બોઈલર વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 13 થયો – દુર્ઘટનાની તપાસના આદેશ અપાયા

6) મલેશિયા પહોંચવાનો પ્રયાસમાં આંદામાન સમુદ્રમાં એક હોડી પલટી જતાં રોહિંગ્યા શરણાર્થીઓ અને બાંગ્લાદેશીઓ સહિત 250 લોકો ગુમ

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# MAHA- PRESIDENT NAGPUR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજથી મહારાષ્ટ્રની બે દિવસની મુલાકાતે છે. અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ..

**VC – ધનંજય**

# PM-KARNATAKA VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકની મુલાકાતે છે. તેમની મુલાકાત દરમિયાન તેઓ માંડ્યા જિલ્લામાં શ્રી ક્ષેત્ર આદિચુનચનગિરી ખાતે શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિરનું ઉદ્ઘાટન કરશે અને એક સભાને સંબોધિત કરશે. શ્રી મોદી ભૂતપૂર્વ પ્રધાનમંત્રી એચ.ડી. દેવગૌડા સાથે "સુંદર્ય લહરી અને શિવ મહિમ્ના સ્તોત્રમ" પુસ્તકનું સંયુક્ત રીતે વિમોચન પણ કરશે.

શ્રી ગુરુ ભૈરવૈક્ય મંદિરએ શ્રી આદિચુનચનગિરી મહાસંસ્થાન મઠના 71મા પિઠાધિપતિ સંત શ્રી શ્રી શ્રી ડૉ. બાલ ગંગાધરનાથ મહાસ્વામીને સમર્પિત એક સ્મારક છે.

આ મંદિરનું નિર્માણ પરંપરાગત દ્રવિડ સ્થાપત્ય શૈલીમાં કરવામાં આવ્યું છે, જે સ્વર્ગસ્થ સંતના જીવન અને વારસાને શ્રદ્ધાંજલિ આપે છે. શ્રી શ્રી શ્રી ડૉ. બાલ ગંગાધરનાથ મહાસ્વામીને સામાજિક સેવા પ્રત્યેના તેમના જીવનભરના સમર્પણ માટે વ્યાપકપણે માન આપવામાં આવતું હતું.

તેમણે અનેક શૈક્ષણિક સંસ્થાઓ અને આરોગ્યસંભાળ સુવિધાઓની સ્થાપના કરી. તેઓ દ્રઢપણે માનતા હતા કે સમાજની સેવા એ ઉપાસનાનું સર્વોચ્ચ સ્વરૂપ છે. શ્રી મહાસ્વામીના ઉપદેશોએ જાતિ, ધર્મ અને પ્રદેશની સીમાઓ પાર કરીને લાખો લોકોને પ્રેરણા આપી.

## SAMARAT CHOUDHARY

બિહારના નાયબ મુખ્યમંત્રી અને ભાજપ નેતા સમ્રાટ ચૌધરી આજે સવારે રાજ્યના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ સવારે 11 વાગ્યે પટનાના લોકભવનમાં યોજાશે. તેઓ રાજ્યમાં ઉચ્ચ પદ સંભાળનારા પહેલા ભાજપ નેતા હશે.

### બાઇટ – સમ્રાટ ચૌધરી

ગઈકાલે શ્રી ચૌધરી લોકભવનમાં રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ સૈયદ અતા હસનૈનને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો. NDA વિધાનસભા પક્ષની બેઠક દરમિયાન તેમને સર્વાનુમતે નેતા તરીકે ચૂંટવામાં આવ્યા હતા.

તાજેતરમાં રાજ્યસભામાં ચૂંટાયા બાદ JD(U) પ્રમુખ નીતિશ કુમારે બિહારના મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યા બાદ તેઓને મુખ્યમંત્રી બનાવાયા છે.

# RIJIJU - WOMEN RESERVATION

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે મહિલા અનામત વિધેયક ખાસ સંસદીય સત્રમાં રજૂ કરવામાં આવશે. આ વિધેયક દરેક રાજ્ય, સમુદાય અને પ્રદેશની આકાંક્ષાઓ પૂર્ણ કરે છે.

ગઈકાલે નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજુએ જણાવ્યું હતું કે તેમણે તમામ રાજકીય પક્ષોનો સંપર્ક કર્યો અને તેમણે વિધેયક માટે સમર્થન આપ્યું છે. આ વિધેયક આવતીકાલથી શનિવાર સુધી ચાલનારા ખાસ સંસદીય સત્રમાં રજૂ કરવામાં આવશે.

શ્રી રિજિજુએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય હિતમાં એક થવા બદલ તમામ રાજકીય પક્ષોનો આભાર માન્યો છે.

# AUSTRIA CHANCELLOR-INDIA VISIT

ઑસ્ટ્રિયાના ચાન્સેલર ડૉ. ક્રિશ્ચિયન સ્ટોકર ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આજે ભારત પહોંચ્યા. હવાઈમથકે યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા ખડસેએ તેમનું સ્વાગત કર્યું.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચે સૌહાર્દપૂર્ણ અને મૈત્રીપૂર્ણ સંબંધો છે. તેમણે ઉમેર્યું હતું કે ચાન્સેલર સ્ટોકરની મુલાકાત ભારત-ઑસ્ટ્રિયા ભાગીદારીને વધુ વેગ આપશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

## J&K - AMARNATH YATRA

**અમરનાથ યાત્રા માટે એડવાન્સ રજીસ્ટ્રેશનનો આજથી દેશભરની 554 નિયુક્ત બેંક શાખાઓમાં ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી આરંભ થઈ રહ્યો છે. શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડે યાત્રાળુઓ માટે વિગતવાર પ્રક્રિયાઓ જાહેર કરી છે. 57 દિવસની આ યાત્રા 3 જુલાઈથી શરૂ થશે અને 28 ઓગસ્ટના રોજ રક્ષાબંધન પ્રસંગે સમાપ્ત થશે. ભગવાન શિવના આશીર્વાદ મેળવવા માટે પ્રથમ પૂજા 29 જૂન જ્યેષ્ઠ પૂર્ણિમાના રોજ યોજાશે.**

# ELECTION CAMPAIGN - WB

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર વેગ પકડી રહ્યો છે. ભાજપના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે રાજ્યમાં અનેક જાહેર સભાઓ કરશે. તેઓ દાર્જિલિંગ શહેરના લેબોંગ મેદાનમાં એક રેલીમાં હાજરી આપશે, ત્યારબાદ જલપાઇગુડી જિલ્લાના રાજગંજમાં બીજી રેલીમાં હાજરી આપશે. બપોર બાદમાં શ્રી શાહ અલીપુરદ્વારના ફલકાટા મિલ રોડ મેદાનમાં એક રેલીમાં હાજરી આપશે. તેઓ કૂચ બિહારમાં એક જાહેર સભામાં પણ કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની પણ આજે રાજ્યમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.

તૃણમૂલ કોંગ્રેસના નેતા મમતા બેનર્જી પણ આજે અનેક ચૂંટણી કાર્યક્રમોમાં ભાગ લેશે. તેઓ ઉત્તર દિનાજપુર અને ઇસ્લામપુરમાં જાહેર સભાઓમાં હાજરી આપશે. શ્રીમતી બેનર્જી સિલિગુડી વિધાનસભા મતવિસ્તાર અને નાગરાકાટા વિધાનસભા મતવિસ્તારના પાર્ટીના ઉમેદવારોના સમર્થનમાં રેલીઓ કરશે.

# MORN. CHHATTISGARH-EXPLOSION

છત્તીસગઢના સિંઘંતેરાઈમાં બોઈલર વિસ્ફોટમાં મૃત્યુઆંક વધીને 13 થયો છે. ગઈકાલે વેદાંત લિમિટેડના પાવર પ્લાન્ટમાં બોઈલર ટ્યુબ ફાટવાથી વિસ્ફોટ થયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર બોઈલરથી ટર્બાઈનને ઉચ્ચ દબાણવાળી વરાળ સપ્લાય કરતી ટ્યુબ ફાટી ગઈ હતી, જેના કારણે ચાર શ્રમિકોના ઘટનાસ્થળે

જ મૃત્યુ થયા હતા અને આશરે 30 ઘાયલ થયા હતા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અકસ્માત પર દુઃખ વ્યક્ત કર્યું. તેમણે દરેક મૃતક કામદારના પરિવારને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયા અને ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી. તેમણે ઘાયલોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી.

મુખ્યમંત્રી વિષ્ણુદેવ સાંઈએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો અને દરેક મૃતક કામદારના પરિવારને પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને પચાસ હજાર રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી. તેમણે બિલાસપુર ડિવિઝનલ કમિશનરને દુર્ઘટનાની તપાસનો આદેશ આપ્યો. જિલ્લા વહીવટીતંત્રે અકસ્માતની અલગ મેજિસ્ટ્રેટ તપાસનો પણ આદેશ આપ્યો.

## MORN. BANGLADESH BOAT SINKING

મલેશિયા પહોંચવાનો પ્રયાસ કરતી વખતે આંદામાન સમુદ્રમાં એક હોડી પલટી જતાં રોહિંગ્યા શરણાર્થીઓ અને બાંગ્લાદેશી નાગરિકો સહિત 250 લોકો ગુમ થયાની આશંકા છે.

સંયુક્ત રાષ્ટ્ર શરણાર્થી કમિશનર અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંગઠનના સંયુક્ત નિવેદન મુજબ હોડી દક્ષિણ બાંગ્લાદેશના ટેકનાફથી રવાના થઈ હતી. ખરાબ હવામાન અને વધુ ભીડને કારણે હોડી પલટી ગઈ. આ ઘટના 9 એપ્રિલે બની હતી, જોકે વિગતો હજુ પણ સ્પષ્ટ નથી.

અત્યાર સુધીમાં નવ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બાંગ્લાદેશ કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે ડૂબતા જહાજને સુરક્ષિત સ્થાન પર લઈ જવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે બચાવેલા લોકો માનવ તસ્કરીમાં સામેલ હોવાની શંકા છે.

સંયુક્ત રાષ્ટ્ર એજન્સીઓએ આ ઘટના પર દુ:ખ વ્યક્ત કર્યું અને કહ્યું કે શરણાર્થી શિબિરોમાં બગડતી સ્થિતિ, શિક્ષણ અને આજીવિકાની મર્યાદિત પહોંચ અને રખાઇન રાજ્યમાં ચાલી રહેલી હિંસા ઘણા લોકોને ભાગી જવા મજબૂર કરી રહી છે. એજન્સીઓએ ચેતવણી આપી હતી કે તસ્કરી નેટવર્ક દ્વારા ફેલાવવામાં આવેલી ખોટી માહિતી સંવેદનશીલ લોકોને જીવલેણ મુસાફરી માટે લલચાવી રહી છે.

# CRICKET – IPL

IPL ક્રિકેટમાં ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને 32 રનથી હરાવ્યું. ગઈકાલે ચેન્નાઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે નિર્ધારિત 20 ઓવરમાં પાંચ વિકેટે 192 રન બનાવ્યા. જવાબમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સાત વિકેટે માત્ર 160 રન જ બનાવી શક્યું. નૂર અહેમદે 3 વિકેટ લીધી તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર આજે સાંજે લખનઉ સુપર જાયન્ટ્સનો સામનો કરશે. આ મેચ બેંગ્લોરના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સાંજે સાડા સાત વાગ્યાથી રમાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં લોકસભામાં મહિલા ક્વોટા અને ઈરાન-અમેરિકા યુદ્ધ અંગેના સમાચાર છે.
- સંદેશ લખે છે કે, લોકસભાની બેઠક વધારીને 850 કરવા દરખાસ્ત.
- "મહિલા ક્વોટા, 33%થી બદલાશે ચૂંટણીનો નકશો" ના સમાચાર દિવ્ય ભાસ્કરના મુખ્ય મથાળે છે.
- ગુજરાત સમાચારે લખ્યું છે કે, અમેરિકાની નાકાબંધીથી ઈરાનને રોજનો 4 હજાર કરોડનો ફટકો.
- "ફરી વાટાઘાટનાં ટેબલ પર આવશે ઈરાન-અમેરિકા" ના પ્રશ્ન સાથેના સમાચાર ફૂલછાબે પ્રથમ પાને છાપ્યા છે.
- અને નવગુજરાત સમય લખે છે કે, બિહારમાં પ્રથમ વાર ભાજપની સરકાર, સમ્રાટ ચૌધરી નવા CM.